**મહત્તમ : ૩૩.૦ ડીગ્રી**
**લઘુતમ : ૨૪.૦ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૯૫ ટકા ● સાંજે ૮૫ ટકા**

**ગાંધીનગર તાપમાન**

# જુલાઈ મહિનો આવ્યો.. વ્રત-ઉપવાસ લાવ્યો

## પવિત્ર શ્રાવણ સહિત અન્ય વ્રત અને ઉપવાસનો માહોલ છવાશે આ જુલાઈ મહિનામાંઃ મંદિરોમાં ભક્તિનું ઘોડાપૂર છવાશે

ગાંધીનગર, તા.૩૦

જુલાઈ મહિનો અંગ્રેજી કેલેન્ડરનો સાતમો મહિનો બનવા જઈ રહ્યો છે. પંચાંગ અનુસાર, આ મહિનામાં ઘણા મહત્વપૂર્ણ ઉપવાસ અને તહેવારો ઉજવવામાં આવશે. પંચાંગમાં કહેવામાં આવ્યું છે કે આ મહિનામાં મહત્વના વ્રત અને તહેવારો જેવા કે શ્રાવણ માસની શરૂઆત, અધિકમાસ, કામિકા અને પદ્મિની એકાદશી મનાવવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી આ મહિનો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.જ્યારે આ મહિનો કવિઓ અને લેખકો માટે પણ પ્રિય મહિનો છે. એટલું જ નહીં, તહેવારોની સિઝન શ્રાવણ મહિનાથી શરૂ થાય છે, તેથી દરેક લોકો આ મહિનાની રાહ જુએ છે.

જુલાઈ મહિનો વરસાદ સાથે અનેક તહેવારો અને ઉપવાસ લઈને આવે છે. આ મહિનામાં ચોમાસું ચરમસીમા પર હોય છે અને આ મહિનાથી શિવનો પ્રિય મહિનો શ્રાવણ પણ શરૂ થાય છે, જેના કારણે ચારેબાજુ હરિયાળી



જ જોવા મળે છે.વરસાદને કારણે ધરતીની ગરમી પણ ઓછી થાય છે, તેથી આ મહિનો ભગવાનની પૂજા અને ધ્યાન માટે પણ શુભ માનવામાં આવે છે.દેવપોઢી એકાદશીથી દેવઊઠી એકાદશી (૨૩ નવેમ્બર) સુધી ૧૪૮ દિવસની તહેવારની મોસમ હશે, જેમાં ૯૭ દિવસના ઉપવાસ અને તહેવારો ઉજવવામાં આવશે.

એવું માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુ દેવપોઢી એકાદશીથી આરામ કરે છે. આ વર્ષે અધિકમાસ હોવાને કારણે વિષ્ણુજી ચાર નહીં પણ પાંચ મહિના આરામ કરશે. શિવ પૂજાનો મહિનો ૪ જુલાઈ ૨૦૨૩થી શરૂ થશે, જે ૩૧ ઓગસ્ટ સુધી ચાલશે. ૧૮ જુલાઈથી ૧૬ ઓગસ્ટ સુધી અધિક માસ રહેશે. પંચાંગના દરેક મહિનામાં સૂર્ય સંક્રાંતિ આવે છે એટલે કે સૂર્ય તેની રાશિ બદલી નાખે છે, પરંતુ અધિક મહિનામાં સંક્રાંતિ આવતી નથી.

### જુલાઈ, ઉપવાસ અને તહેવારોની સૂચિઃ

૧ જુલાઈ ૨૦૨૩, શનિવાર – શનિ પ્રદોષ વ્રત, જયા પાર્વતી વ્રત
૨ જુલાઈ ૨૦૨૩, રવિવાર – કોકિલા વ્રત
૩ જુલાઈ, ૨૦૨૩, સોમવાર – અષાડા પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા
૪ જુલાઈ ૨૦૨૩, મંગળવાર – શ્રાવણ શરૂ થાય છે, પ્રથમ મંગળા ગૌરી વ્રત
૬ જુલાઈ ૨૦૨૩, ગુરુવાર – ગજાનન સંકષ્ટી ચતુર્થી
૭મી જુલાઈ ૨૦૨૩, શુક્રવાર – પંચક શરૂ થાય છે
૯ જુલાઈ ૨૦૨૩, રવિવાર – કાલાષ્ટમી, ભાનુ સપ્તમી
૧૦ જુલાઈ ૨૦૨૩, સોમવાર – પ્રથમ સાવન સોમવાર
૧૧ જુલાઈ ૨૦૨૩, મંગળવાર – દ્વિતીય મંગળા ગૌરી વ્રત
૧૩ જુલાઈ ૨૦૨૩, ગુરુવાર – કામિકા એકાદશી
૧૪ જુલાઈ ૨૦૨૩, શુક્રવાર – શુક્ર પ્રદોષ વ્રત
૧૫ જુલાઈ ૨૦૨૩, શનિવાર -શ્રાવણ માસીક શિવરાત્રી
૧૬ જુલાઈ ૨૦૨૩, રવિવાર – કર્ક સંક્રાંતિ
૧૭ જુલાઈ ૨૦૨૩, સોમવાર – શ્રાવણ અમાવસ્યા, સોમવતી અમાવસ્યા, બીજો શ્રાવણ સોમવાર, હરિયાળી અમાવસ્યા
૧૮ જુલાઈ ૨૦૨૩, મંગળવાર – અધિકામાસ શરૂ થાય છે, ત્રીજું મંગળા ગૌરી વ્રત
૨૧ જુલાઈ ૨૦૨૩, શુક્રવાર – વિનાયક ચતુર્થી
૨૪ જુલાઈ ૨૦૨૩, સોમવાર – ત્રીજો સાવન સોમવાર
૨૫ જુલાઈ ૨૦૨૩, મંગળવાર – ચોથો મંગળા ગૌરી વ્રત
૨૯ જુલાઈ ૨૦૨૩, શનિવાર – પદ્મિની એકાદશી
૩૦ જુલાઈ ૨૦૨૩, રવિવાર – રવિ પ્રદોષ વ્રત
૩૧ જુલાઈ ૨૦૨૩, સોમવાર – ચોથો શ્રાવણ સોમવાર

## સે-૭માં નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક એકત્રીકરણ કરાયું



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર અભિયાન છેલ્લા ૯૮ માં શનિવારથી ચાલી રહેલ છે આજરોજ સેક્ટર સાતમાં સૌરાષ્ટ્ર લેઉવા પાટીદાર વાડીની આસપાસથી પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરાયો હતો. જેમાં સમાજના આગેવાનો ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહયા હતા. પ્રણેતા શ્રી નારાયણભાઈ પટેલે અભિનંદન શુભેચ્છા સાથે પ્રદૂષણ ન ફેલાય તે માટે અપીલ કરી હતી. જ્યારે મહેન્દ્રભાઈ ત્રિવેદી પ્લાસ્ટિક પ્રદૂષણના ગંભીર પરિણામો ભોગવવા પડશે માટે પંચતત્વોને સંયમપૂર્વક વાપરવા અનુરોધ કર્યો હતો. સાથે સાથે જીવ વૃક્ષોને મુકેલ તે મોટા થઈ ગયા હોય તેમણે જરૂર ન હોય ટ્રિગાર્ડ ને ને કાઢી નવેસરથી લગાવવા મહાનગર સાથે કમિશનરશ્રી સાથે ચર્ચા થશે.

## આજથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ

### સારા પતિની પ્રાપ્તિ માટે કુંવારિકાઓ દ્વારા વ્રત કરાય છે

ગાંધીનગર, તા.૩૦

ગૌરી વ્રત બાદ હવે જયા પાર્વતી વ્રત આજથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ નો પ્રારંભ થશે.શહેરમાં એક પ્રકારે ધાર્મિક માહોલ છવાયો છે.મંદિરોમાં પૂજાવિધિ અને દર્શનાર્થીઓ ની સંખ્યા વધી રહી છે. અષાઢ માસના શુકલ પક્ષની તેરસ તિથિએ માતા પાર્વતીને પ્રસન્ન કરવા માટે જયા પાર્વતી વ્રત રાખવામાં આવે છે. બીજી તરફ આ વ્રતના કુંવારિકાઓ સારા પતિની પ્રાપ્તિ માટે વરદાન મેળવવા માટે પણ આ વ્રત રાખે છે. માન્યતાઓ અનુસાર આ વ્રત પાંચ દિવસ સુધી ચાલે ચાલે છે.એવી ધાર્મિક માન્યતા છે કે જયા પાર્વતી વ્રતમાં ભગવાન શિવની કૃપાથી મહિલાઓને સંતાન પ્રાપ્તિનું વરદાન મળે છે. આ સાથે માતા પાર્વતીના આશીર્વાદ સાથે અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ પણ પ્રાપ્ત થાય છે. આ વ્રત આવતી કાલથી એટલે કે ૧ જુલાઈથી શરૂ થશે. પૌરાણીક વ્રતો વર્તમાન ટેન્શન ભર્યા જીવનમાં હિલીંગ ટચ આપી શકે છે અને ભગવાનમાં મજબૂત વિશ્વાસ પણ ઉભો કરી શકે છે. વ્રતના ભોજનમાં મીઠું વર્જિત મનાય છે. વ્રતના અંતમાં આખી રાતનું જાગરણ કરી કુમારિકાઓ વ્રતનું સમાપન કરે છે, આ વ્રત કુમારિકાઓ અને સૌભાગ્યવતિ સ્ત્રીઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ અને વધુમાં વધુ વીસ વર્ગ સુધી કરે છે. છે. આ વ્રતને ગણગૌર, મંગલાગૌરી અને સૌભાગ્ય સુંદરી વ્રત પણ કહેવામાં આવે છે.



પૌરાણિક માન્યતા મુજબ આ વ્રતથી અખંડ સૌભાગ્યવતિનું વરદાન પ્રાપ્ત થાય છે. તથા બાળકોના આરોગ્યની વૃદ્ધિ થાય છે. આ વ્રત સૌ પ્રથમ માતા પાર્વતીએ શિવજીને પ્રાપ્ત કરવા કર્યું હતું ને ત્યારબાદ માતા સીતાએ માતા પાર્વતીની પૂજા કરી 'જય જય ગિરીબર રાજ કિશોરી' પ્રાર્થનાથી મનગમતા વરની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી હતી, અને માતા પાર્વતી એ પ્રસન્ન થઈ મનગમતા વરનું વરદાન આપ્યું હતું.

## પીડીઈયુ ખાતે બીટેકના વિદ્યાર્થીઓનો ઓરિએન્ટશનનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩૦

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૩૦ જૂન ૨૦૨૩ ના રોજ સંસ્થાના પરિસરમાં નવા પ્રવેશ પામેલા બીઈ વિદ્યાર્થીઓ માટે એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓરિએન્ટેશન પ્રોગ્રામ્સનો હેતુ સમય જતાં બદલાયો છે, વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે વધુ શૈક્ષણિક સહાય અને સંસાધનો રજૂ કર્યા છે. ઓરિએન્ટેશન પ્રોગ્રામ્સના ધ્યેય પીડીઈયુ નિયમો અને શૈક્ષણિક ધોરણો સાથે વિદ્યાર્થીઓ તથા વાલીઓ ની પરિચિતતા બનાવવા, વિદ્યાર્થીઓને તેમના સહપાઠીઓ સાથે પરિચિત કરવા અને અન્ય યુનિવર્સિટીની પ્રવૃત્તિ વિશે જાણવાનો હતો જે વિદ્યાર્થીઓને સફળ થવામાં મદદ કરશે.

કાર્યક્રમનું ઉદઘાટન "ઉર્જા સ્તુતિ" થી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે માનનીય પ્રો. એસ.એસ. મનોહરન (પીડીઈયુના મહાનિર્દેશક), કર્નલ ડૉ રાકેશ શર્મા (રજિસ્ટર), ડૉ. અનિર્બિદ સિરકાર (એસઓટીના નિયામક) અને ડૉ. ધવલ પૂજારા (એસઓટીના નિયામક) અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ રાકેશ શર્માએ વિદ્યાર્થીઓ ને આરામ થી પર થઈ મન લગાવીને ભણવા માટે પ્રેરિત કર્યા. તેમને સામે આવતા પડકારો અને તકો નો સચેત રહી લાભ લેવા પર ભાર મૂક્યો હતો.

## ભારતીય જનતા યુવા મોરચા વોર્ડ -૮ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પમાં શ્રીકેત ત્રિવેદી દ્વારા રક્તદાન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા યુવા મોરચા વોર્ડ -૮ દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકોની મદદ માટે રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય જનતા યુવા મોરચા વોર્ડ-૮ ના કાર્યશીલ, સેવાભાવી યુવાન મંત્રી શ્રીકેત સાત્વિકભાઈ ત્રિવેદી દ્વારા રક્તદાન કરીને સમાજ માટે અનુકરણીય કામ કરવામાં આવ્યું હતું.

આ સાથે બીજા સેવાભાવી કાર્યકરો એ પણ દિલથી રક્તદાન કરી જાગૃત નાગરિકની ફરજ બજાવી હતી. શ્રીકેતભાઈએ અત્યાર સુધીમાં, આજની સાથે પાંચ વખત રક્તદાન કર્યું છે અને જીવનભર ઓછામાં ઓછું ૧૦૦ વાર રક્તદાન કરવાની ઈચ્છા ધરાવે છે. શ્રીકેતભાઈની રક્તદાન માટે લોકોમાં રક્તદાન અંગે ગેરસમજો દૂર કરી જનજાગૃતિ ફેલાવવાની નેમ લીધી છે.



ગાંધીનગર મહાનગરના યુવા મોરચામાં પ્રભારી નિસર્ગભાઈ વ્યાસ, ગાંધીનગર મહાનગરના યુવા મોરચાના અધ્યક્ષ યુવરાજસિંહ ચાવડા, મહામંત્રી અને ઝોન પ્રભારી હરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ અને વોર્ડ-૮ ના પ્રભારી સવનભાઈ પટેલ, વોર્ડ-૮ ના યુવા મોરચાના પ્રમુખ વિપુલભાઈ પટેલ સહિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહી રક્તદાન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મનપા દ્વારા પોયણી યોજના અંતર્ગત ૮૩૧ કિશોરીઓને પૂર્ણશક્તિ પેકેટનું વિતરણ

ગાંધીનગર, તા.૩૦

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારની પૂર્ણા યોજના અંતર્ગત આંગણવાડીમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને પોષણ અને બિનપોષણ સેવાઓ આપવામાં આવે છે. જે અંતર્ગત પોયણી ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે. પોયણી યોજનાનો હેતુ જે કિશોરીઓ શાળાએ નથી જતી તે તમામ કિશોરીઓને સેનેટરી પેડ દાતા/એન.જી.ઓ/ / સંસ્થા દ્વારા મેળવીને કિશોરીઓનું સ્વાસ્થ્ય સુધરે તે માટેનો છે. કિશોરીઓને પોષણ મળી રહે તથા તેમના આરોગ્યની સ્થિતિ સુધરે તે માટે સરકાર ની પૂર્ણા યોજના અંતર્ગત દર માસના ચોથા મંગળવારે ૧ કિ.ગ્રા.ના પૂર્ણાશક્તિના ચાર પેકેટ આપવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાની ૧૧૧ આંગણવાડીની ૮૩૧ કિશોરીઓને આંગણવાડીમાં પોષણ અને બિનપોષણ સેવાઓ આપવામાં આવે છે. જે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા પેથાપુર ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન યુવતીઓને પૂર્ણાશક્તિ પેકેટ તેમજ સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, શાસક પક્ષના નેતા પારુલબેન ઠાકોર, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં યુવતીઓ ઉપસ્થિત રહી હતી.



## જુલાઈ મહિનાની પુસ્તક પરબ બલરામ મંદિરે યોજાશે

ગાંધીનગર, તા.૩૦

છેલ્લા નવ વર્ષથી ગાંધીનગરમાં મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જુલાઈ મહિનાની પુસ્તક પરબ તા. ૨-૭-૨૦૨૩, રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેકટર - ૧૨, ઉમિયા મંદિર પાસે, ગાંધીનગરમાં યોજાશે. પરબની મુલાકાત લેવા સહુ નગરજનોને, પુસ્તકપ્રેમીઓ, વડીલો, વિદ્યાર્થીઓને આત્મન સંસ્થા તરફથી વિનંતી છે. મુલાકાતી બે પુસ્તક અને સામયિક પસંદ કરી વિનામૂલ્યે લઈ જઈ શકશે.

આ પુસ્તક પરબ માતૃભાષાના પ્રસાર હેતુ, સારા પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન મળે તે હેતુસર માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવે છે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

## જન્મદિને વધામણી



ભાવના અશોકકુમાર ઉપાધ્યાય
મો. ૯૯૨૪૫ ૬૯૩૧૧



ભાનુભાઈ પુરાણી
પ્રમુખ, ત્રિદલ અને ગાંધી મિત્ર વર્તુળ



રેહાંશી સંજયકુમાર ઠાકોર
મો. ૯૦૯૯૭ ૬૧૬૬૭



બાબુલાલ અજમલભાઈ નાયી



શૈલેષભાઈ નાનાલાલ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬



નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧



હૃદય ચક્રવર્તી



રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



દિવ્યરાજસિંહ જીગેન્દ્રસિંહ ડાભી



હુવિષ્કા ક્રંદિત ભચેચ



કિન્નરીબા જીલુભા ધાંધલ
મો. ૯૮૨૫૪ ૯૪૩૯૭



સેકટર ૨૭, ગાયત્રીનગરમાં વરસાદના પહેલા જ જાપટામાં કાદવ કીચડ અને ખાડાના દશ્યો સર્જાયા છે.જેમાં વસાહતી ની કાર ખાડા માં ફસાઈ ગઈ હતી. જોકે નગરસેવક સોનાલીબેન દ્વારા તાત્કાલીક કારને જેસીબી બોલાવી બહાર કઢાવવામાં આવી હતી.

## આજે સ્માર્ટ કીડ્સ નર્સરી સ્કુલમાં ડોકટર ડે ઉજવાશે

ગાંધીનગર, તા.૩૦

૨૧ વર્ષથી સેક્ટર ૧ ખાતે કાર્યરત સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા તા. ૦૧/૦૭/૨૦૨૩ (શનિવાર) ના રોજ શાળામાં હેપ્પી ડોક્ટર ડે ની ઉજવણી કરવામાં આવશે. જેમાં આયુનમ ગ્રુપના "ગાંધીનગર ડોક્ટર હાઉસ" આ સેલીબ્રેશન ના સ્પોનસર છે. ડોકટરના સમર્પણ અને ઈમાનદારી પ્રત્યે સન્માન વ્યકત કરવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

સ્માર્ટ કિડ્સ બેચ વર્ષ ૨૦૨૩ના બાળકોના આશરે ૪૦ માતા-પિતા ગાંધીનગર શહેરમાં ખ્યાતનામ ડોક્ટર છે. જે પોતે કોઈપણ ચાર્જ વગર બાળકોનું ચેકઅપ કરશે. આ ઉપરાંત અમદાવાદ ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ *હોસ્પિટલ થી આવેલ નિષ્ણાંત ડોકટરોની ટીમ રજૂઆત કરી માતા-પિતાને પોતાના બાળકોની હેલ્થ માટે જરૂરી માર્ગદર્શન આપશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.શીલુ ચંદુભાઈ પરસોત્તમદાસ** ઉ.વ.૭૯, ગાંધીનગર
- **સ્વ.વણઝારા વિરસિંહ બિરબલભાઈ** ઉ.વ.૪૪, સે-૧૩, છાપરા
- **સ્વ.બ્રહ્મભટ્ટ કુસુમબેન ચંદ્રકાંત** ઉ.વ.૮૪, ગાંધીનગર